# સેવા એજ સંગઠન

## મહુવા તાલુકા ભાજપા સંગઠન
## દ્વારા કોવિડ-૧૯ અંતર્ગત કરવામાં
## આવેલ સેવાકીય કાર્ય








ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશ

## અનુક્રમણિકા


- પ્રદેશ અધ્યક્ષશ્રી સી આર.પાટીલ સાહેબનો સંદેશ ૩
- મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો સંદેશ ૪
- જીલ્લા અધ્યક્ષશ્રી દિલિપસિંહ રાઠોડ સાહેબનો સંદેશ ૫
- મહુવા તાલુકા પ્રમુખશ્રી જીગરકુમાર ડી. નાયકનો સંદેશ ૬
- પ્રસ્તાવના ૭
- FeedTheNeedy અભિયાન ૮
  - ભોજન તથા રાશન કીટ ૯
  - માસ્કનુ ઉત્પાદન અને વિતરણ ૧૦
- PM CARES તથા CM Relife Fund ૧૧
- સેવાકીય કાર્યોમાં કાર્યકર્તાનુ યોગદાન ૧૨
- કોરોના વોરીયર્સનુ સન્માન ૧૩
- ભાજપાના ૪૦માં સ્થાપના દિવસ નિમિત્તે કાર્યક્રમો ૧૪
- ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમો ૧૫
- પ્રવાસી શ્રમિકોની મદદ ૧૬
- વર્ચ્યુઅલ બન્યું ભાજપા ૧૭
- ભાજપા દ્વારા કરવામાં આવેલ રાહત કાર્યોનું મીડિયા કવરેજ ૧૮
- ભાજપા દ્વારા કરવામાં રાહત કાર્યો પ્રત્યે નાગરિકોની પ્રતિક્રિયા ૧૯
- કાર્યકર્તાઓના અનુભવ ૨૦
- સેવા એ જ સંગઠન ૨૧
- સારાંશ ૨૨

# પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબનો સંદેશ

બંધુ, ભગિની...

તા. ૦૮-૦૮-૨૦૨૦

નમસ્કાર,

કોરોના એ માનવજાત સામેનું ભીષણ સંકટ હતું. આ સંકટ એક શહેર, એક ગામ કે એક સમુદાયનાં લોકો માટે ન્હોતું. આ એક વૈશ્વિક સંકટ હતું. છેલ્લી એક સદીમાં ક્યારેય ન્હોતું આવ્યું એવું સંકટ સમગ્ર દેશ સામે આવીને ઊભું રહી ગયું. આ એક એવું યુધ્ધ હતું, જે આપણે સૌએ ફરજીયાતપણે લડવાનું હતું અને એ પણ ઝાઝા હથિયારો વગર!

કોરોનાની કોઇ દવા ન્હોતી. એની સામે લડવાનો એક જ વિકલ્પ હતો-ઘરમાં રહેવું અને કારણ વિના ઘરની બહાર ન જ નીકળવું. સમયસૂચકતા જેમના સ્વભાવ સાથે વણાઇ ગઇ છે એવા આદરણીય **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી** સાહેબે સમગ્ર દેશમાં સમયસર લોકડાઉન જાહેર કરી ઐતિહાસિક નિર્ણય લીધો અને પળે-પળ માર્ગદર્શન આપી આ મહામારી સામે લડવા આપણને તૈયાર કરતા રહ્યા.

**'સેવા એ જ સંગઠન'**- ભારતીય જનતા પાર્ટીનો આ મૂળભૂત સ્વભાવ રહ્યો છે. આ જ એના સંસ્કાર પણ રહ્યા છે. માણસ એનો મૂળ સ્વભાવ અને સંસ્કાર ક્યારેય છોડી શકતો નથી-એવી જ રીતે ભારતીય જનતા પાર્ટીનાં પ્રત્યેક કાર્યકર્તાઓ આ ભીષણ મહામારી વચ્ચે પણ **'સેવા પરમો ધર્મ'**નાં જીવનસૂત્રને વફાદાર રહ્યા.

સમગ્ર દેશમાં ભાજપાનાં સંગઠને એક પ્રબળ જ્યોત જગાવી. ભાજપાનું મજબૂત સંગઠન દિવાલ બનીને કોરોનાની સામે ઊભું રહ્યું. ગામડાંઓમાં અને શહેરોમાં છેવાડાનાં પ્રત્યેક માનવી સુધી રાશનકીટો પહોંચાડવામાં આવી, માસ્કનું વિતરણ કરવામાં આવ્યું, કોરોના વોરિયર્સ માટે પીપીઇ કીટ પહોંચાડવામાં આવી. સોસાયટીનું સેનિટાઇઝેશન કરવાનું હોય, ક્વોરન્ટાઇન થયેલા લોકોને શાકભાજી-કરિયાણું પહોંચાડવાનું હોય, કોરોનાનાં દર્દીઓ અને એમનાં સગા-સંબંધીઓ વચ્ચે સેતુ બનવાનું હોય કે એમનાં માટે તાત્કાલિક સારવારથી લઇ દવાની વ્યવસ્થા કરવાની હોય-ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકર્તાઓએ ખડેપગે આ તમામ કાર્યો પાર પાડયા. પોતાના જીવની પરવા કર્યા વિના ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકર્તાઓએ સેવાની ધૂણી ધખાવી અને કોરોનાની મહામારી સામે ઝીંક ઝીલી. સેવાનાં આ કાર્ય દરમિયાન ઘણાં કાર્યકર્તાઓને કોરોનાનો ચેપ લાગ્યો પણ ખરો, ભાજપાનાં મૂળ સમાન કેટલાક કાર્યકર્તાઓનું દુખદ નિધન પણ થયું પણ ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકર્તાઓએ ડગ્યાં વિના પ્રજાને સમર્પિત રહ્યા અને સાથે સાથે પક્ષના **'અંત્યોદય'**ના વિચારના સાચા **'રાહબર'** પણ બન્યા.

માનવ ઇતિહાસનાં આ સૌથી મોટા સેવાયજ્ઞમાં સમગ્ર દેશમાં ભાજપે 25 કરોડ જેટલા ફૂડ પેકેટ, 5 કરોડ જેટલી રાશનકીટ, 6 કરોડ જેટલા માસ્ક, 60 લાખ કાર્યકર્તાઓનું અનુદાન, 9 લાખ સેવાવ્રતી કાર્યકર્તાઓ દ્વારા 900 સંગઠન જીલ્લા અને 13796 મંડળમાં સેવાની ધૂણી ધખાવી.

આ સેવાયજ્ઞમાં સહયોગ અને સમયની આહૂતિ આપનાર પ્રત્યેક કાર્યકર્તાઓનો, એમનાં પરિવારજનોનો હું આભાર માનું છું. સેવા એ કાર્યકર્તાઓ માટેની સંતોષ-મૂડી છે એમ જ પક્ષ માટે પ્રેરણાનો વિચાર છે-અને એટલે જ આ સત્કાર્યના વિચારને પ્રત્યેક જીલ્લામાં શબ્દબદ્ધ કરી સંકલિત કરવો આવશ્યક હતો. પ્રેરણાસ્તંભ સમાન આ ઇ-બુક એ ન તો માત્ર કાર્યની જાણકારી છે પરંતુ ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકર્તાઓના સંસ્કારોનો દૈદિપ્યમાન રાષ્ટ્રદિપક પણ છે. જે સમાજજીવનને પ્રેમ અને કરૂણા સાથે સત્કાર્યની સુગંધનો સાક્ષાત્કાર પણ કરાવે છે.

**તાપી જીલ્લા** ભાજપા પરિવાર દ્વારા કોરોનાનાં સમયમાં થયેલા સેવા કાર્યોનાં સંકલન સ્વરૂપે તૈયાર થયેલી આ ઇ-બુકનાં પ્રકાશન સમયે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

સેવા પરમો ધર્મને જીવનસૂત્ર બનાવનાર ભાજપા કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર,

આપનો,

**સી.આર.પાટીલ**
**(પ્રદેશ અધ્યક્ષ)**



**સી. આર. પાટીલ**
**પ્રદેશ અધ્યક્ષ-ગુજરાત ભાજપા**

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબનો સંદેશ

**વિજય રૂપાણી,**
**મુખ્યમંત્રી - ગુજરાત**

તા. ૦૮-૦૮-૨૦૨૦

પ્રિય કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો,

નમસ્કાર,

આજે સમગ્ર વિશ્વ અને ભારત કોરોના મહામારીના કપરાકાળમાંથી પસાર થઇ રહ્યું છે. કોરોનાના શરૂઆતી દિવસોથી લઇ આજ સુધી આપણાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમનાં સંદેશાઓ દ્વારા આપણને સતત માર્ગદર્શન અને નેતૃત્વ પૂરું પાડ્યું છે. કોરોના સંકટ દરમિયાન વિશ્વની મહાસત્તાઓ જ્યારે પોતાને અસહાય અનુભવતી હતી ત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમયસુચકતા વાપરી રાજ્ય સરકારોને વિશ્વાસમાં લઇ સમયસર લોકડાઉન લાગુ કર્યું. તેને લીધે આપણે કોરોનાનો સામનો કરવામાં બીજા દેશો કરતાં વધુ સફળ રહ્યાં છીએ અને મોટી જાનહાની બચાવી શક્યાં છીએ. પ્રધાનમંત્રીશ્રીના આ નિર્ણયોની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, વર્લ્ડ બેંક તેમજ સંયુક્ત રાષ્ટ્ર સંઘે પણ સરાહના કરી છે.

તેવી જ રીતે ગુજરાતની રાજ્ય સરકારની કોરોના અંગેની કામગીરીની સુપ્રીમ કોર્ટે, W.H.O. અને IIM ના પ્રોફેસર દ્વારા પણ સરાહના કરવામાં આવી છે આજ બતાવે છે કે ભાજપની સરકાર ઉપર ગુજરાત અને દેશની જનતા એ જે વિશ્વાસ મુકેલ તે સાર્થક થયેલ છે.

કોરોના લોકડાઉન કાળ દરમિયાન સમગ્ર દેશ અને ગુજરાત ભાજપાના કાર્યકર્તાએ પોતાના અપ્રતિમ સેવાકાર્યો દ્વારા ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ભાજપાના કાર્યકર્તા માટે દેશસેવા અને જનસેવા જ સર્વોપરી છે. સમાજસેવા એ જ આપણાં સંગઠનનો આધાર છે. સત્તા એ આપણા માટે સેવાનું માધ્યમ માત્ર છે. જનહિત અને રાષ્ટ્રહિતના આ વિચારને સાર્થક કરવા માટે અનેક પેઢીઓએ બલિદાન આપ્યું છે. જનસંઘ અને ભાજપાના જન્મનો મૂળ ઉદ્દેશ્ય પણ એ જ હતો કે આપણો દેશ વધુ સુખી બને, વધુ સમૃદ્ધ બને અને વધુ સશક્ત બને. ડો.શ્યામાપ્રસાદ મુખરજી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય સહીત અનેક મહાપુરુષોએ પોતાનાં આચરણ થકી આપણાં જેવા લાખો કાર્યકર્તાઓમાં આ સંસ્કારોનું સિંચન કર્યું છે.

કોરોનાકાળમાં ગુજરાત ભાજપાના સૌ કાર્યકર્તા દ્વારા પોત પોતાનાં વિસ્તારોમાં કોઈપણ ભેદભાવ વગર તમામ જ્ઞાતિ-જાતી, ધર્મ-સમુદાયોના લોકોને મદદરૂપ થવા અનેકવિધ સેવાકાર્યો કર્યા છે. પોતાની આજુબાજુ કોઇ ભૂખ્યો ના સુવે તેની ચિંતા આપ સૌએ કરી છે. ભાજપાના કાર્યકર્તા દ્વારા લાખોની સંખ્યામાં રાશનકીટ, ફૂડ પેકેટ, માસ્ક વિતરણ સહિતના અનેક સેવાકાર્યોની માહિતીને આવરી લેતી આ ઈ-બુક આવનારી પેઢી માટે પણ પ્રેરણાસ્ત્રોત બની રહેશે. સાથે સાથે કોઈ રાજકીય પાર્ટીનો કાર્યકર્તા સેવાયજ્ઞ દ્વારા કેવી રીતે સમાજને ઉપયોગી થઇ શકે તેનું માર્ગદર્શન પણ આ ઈ-બુકમાંથી પ્રાપ્ત થશે અને માનવતાની મહેક દ્વારા 'સેવા પરમો ધર્મ' ના મંત્રને ચરિતાર્થ કરવાની પ્રેરણા પણ સદાય મળતી રહેશે.

આપ સૌ સેવાવ્રતી કાર્યકર્તા લાખ લાખ અભિનંદનને પાત્ર છો. 'સેવા હી સંગઠન'ના નામથી પ્રસિદ્ધ થઇ રહેલી આ ઈ-બુકના પ્રકાશન સમયે આપ સૌને હૃદયપુર્વકની શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત....

ભારત માતા કી જય.....

આપનો,

**વિજય રૂપાણી,**

(મુખ્યમંત્રી – ગુજરાત રાજ્ય)



**વિજય રૂપાણી,**
**મુખ્યમંત્રી - ગુજરાત**

# જીલ્લા અધ્યક્ષશ્રી દિલીપસિંહ રાઠોડ સાહેબનો સંદેશ

'સેવા હી સંગઠન' સુરત જીલ્લાના વિવિધ મંડળોની ઇ-બુકનું પ્રકાશન થઇ રહ્યું છે ત્યારે હું સુરત જીલ્લાના તમામ આગેવાનો, કાર્યકરો, શુભેચ્છકો, સામાજીક, સ્વૈચ્છિક, ધાર્મિક, સેવાકીય સંસ્થાઓ સૌને કોવિડ-૧૯ના લોકડાઉન પીરીયડમાં કરેલી અમૂલ્ય માનવીય સેવાઓ માટે અભિનંદન પાઠવું છું અને હૃદયથી આભાર વ્યકત કરું છું.

કોરોના વોરિયર્સ ડૉક્ટર્સ, પોલીસકર્મીઓ, સફાઇકર્મીઓ સમગ્ર વહીવટીતંત્ર કોરોના દર્દીઓની સેવામાં જોડાયેલા સેવાભાવી કાર્યકરો સૌને વંદન કરીને ઋણ સ્વીકાર કરું છું કોરોના વાઇરસની વૈશ્વિક મહામારીમાં સુરત જીલ્લામાં આપણે સૌ બહાદુરીથી, હિંમતથી, ડર વિના સાવચેતીપૂર્વક અત્યાર સુધી સૌના સહયોગથી લડયા છે. કોરોના વાઇરસનો સંક્રમણકાળ હજુ પૂર્ણ થયો નથી. સુરત જીલ્લામાં કોરોના વાઇરસનો વિકરાળપંજો વધુને વધુ ફેલાય રહ્યો છે. આપણી બેદરકારી કોરોના વાઇરસનો પંજો વિકરાળ બનાવવા માટે ભૂંડી ભૂમિકા ભજવી શકે છે. ત્યારે કોરોના વાઇરસનું સંક્રમણ રોકવા સાવચેતી રાખી આગળ વધીએ કેન્દ્ર અને રાજય સરકારો, માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજી, ઉપ.મુખ્યમંત્રીશ્રી નિતિનભાઇ પટેલજી, ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીજી, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી.આર.પાટીલજી સૌની આગેવાનીમાં કોરોના મહામારીને માત આપવા સરકાર તથા સંગઠનકક્ષા એ અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે આપણે સરકારશ્રીની સુચનાનું પાલન કરીએ, આપણા ગામ-નગરો નિયમિત સેનીટાઇઝ કરીએ, માસ્કનો ઉપયોગ ફરજીયાત કરીએ, સોશીયલ ડિસ્ટન્સનું પાલન કરીએ અને વારંવાર સેનીટાઇઝર અને સાબુથી હાથની સફાઇ કરીએ કોરોનાથી આપણી જાતને બચાવીએ, આપણા સુરત જીલ્લાને બચાવીએ, સૌના સુરક્ષિત સ્વસ્થ્ય માટે શુભેચ્છા સહ

વંદેમાતરમ્........ભારત માતા કી જય.



**દિલીપસિંહ રાઠોડ**
**પ્રમુખશ્રી**
**સુરત જીલ્લા**
**ભારતીય જનતા પાર્ટી**

# મહુવા તાલુકા ભા.જ.પા સંગઠન પ્રમુખશ્રી નો સંદેશ

કોરોના મહામારીના સંકટ સામે જયારે વિશ્વ જજુમી રહ્યુ હોય ત્યારે રાષ્ટ્રના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની અગમચેતી થી શરૂઆતના તબ્બકામાં જ લોક ડાઉન જાહેર કરીને અર્થતંત્રની ચિંતા કર્યા વગર વાઇરસના ચેપને ફેલાતો અટકાવીને મોટી જાનહાની થતા બચાવી દેશ એક સાચી અને સ્થીર દિશામાં જાળવી રાખ્યું. સમગ્ર રાષ્ટ્રની પ્રજા મોદી સાહેબની હાકરમાં સૂર પુરાવી સંપૂણ સહકાર આપ્યો. જેના સ્વરૂપે હાલ કોરોનાનો ચેપ અટકાવમાં સૌથી સફળ રાષ્ટ્ર અમેરીકા પછી બીજા નંબરે ભારત રહ્યું. જેની નોંધ સમગ્ર વિશ્વએ લીધી અને મોદી સાહેબને વૈશ્વિક નેતા તરીકે સ્વીકાર્યા.

કેન્દ્ર સરકાર મોદી સાહેબ, ગુજરાત સરકાર અને ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનના આહવાન મુજબ અમો મહુવા તાલુકા ભાજપ પ્રમુખશ્રી અને સંગઠન ટીમ દ્વારા લોકડાઉન દરમ્યામ પ્રજાની મદદે તાલુકાના સમગ્ર કાર્યકરો વહીવટ તંત્ર સાથે રહી જીવન જરૂરીયાતની ચીજ જેવી કે ભોજન, રાશનકીટ, માસ્ક, સેનેટાઇઝર, આર્યુવેદીક ઉકાળા, ફુડ પેકેજ, હામીયોપેથીક દવાઓના ડોઝ જેવા કાર્યો સર્વે સમાજના સહકારથી કર્યા અને લોકડાઉનમાં ફસાયેલા શ્રમીકોને માદરે વતન પરત જવા માટે જરૂરીયાત મુજબ મદદ કરી છે અને સાવચેતી તેમજ વાઇરસ રોગની સાચી સમજ આપી.

કોરોના વારીયર્સ તરીકે સેવા બજાવનાર ડોકટર, નર્સ, સફાઇકર્મચારી, પોલીસ જવાનો, વહીવટી તંત્ર જેઓએ આ કોરોના મહામારીમાં સેવાકીય કાર્યોથી જોડાયેલા હતા. તેમજ મહુવા તાલુકાના ભાજપના કાર્યકરો, સામાજીક આગેવાનો, ધાર્મીક સેવાકીય સંસ્થાઓ સૌને કોરોના કોવીડ-૧૯ મહામારી દરમ્યાન લોકડાઉનના સમયમાં મહુવા તાલુકાની જનતા માટેની સેવાકીય કાર્ય કરવા બદલ ખુબ ખુબ આભાર વ્યકત કરું છું.

કોરોના હારશે, ભારત જીતશે
ભારત માતા કી જય

**શ્રી જીગરકુમાર ડી. નાયક**
**પ્રમુખશ્રી**
**મહુવા તાલુકા**
**ભારતીય જનતા પાર્ટી**



# પ્રસ્તાવના

આખુ વિશ્વ અને ભારત દેશ કોરેના વાઇરસની મહામારીના કપરાકાળમાંથી પસાર થઇ રહ્યો છે. ત્યારેં ગુજરાતના પનોતા પુત્ર, યુગ પુરૂષ માન.શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વિશ્વનેતા તરીકે કોરોના મહામારીમાં આગેવાની લીધી, ભારતમાં મોદી સાહેબે લોકડાઉન જાહેર કર્થુ તે દરમિયાન " સેવા હી સંગઠન" ને સાચા અર્થમાં સાર્થક કરીને મહુવા તાલુકા ભાજપાના આગેવાનો, કાર્યકરો, ચુટાયેલા પદાધિકારીઓ, ધાર્મિક સેવાકીય સંસ્થાઓ સામજીક આગેવાનો,માનવ સેવાની ભાવનાથી વિવિધ સેવા કાર્યો કર્યા, આ સેવા કાર્યોનું સંકલન કરી "ઇ-બુક" ના સ્વરૂપમાં પ્રદશિત કરીએ છીએ આ સાથે આ "ઇ-બુક" દ્વારા જાહેરજીવન સાથે જોડાયેલા દરેક અવિરત કાર્યકર્તાઓને પ્રેરણા મળતી રહશે.

વિશેષમાં કોરોના મહામારીમાં મહુવા તાલુકાની જનતાને દરેક ઘરમાં, દરેક વ્યકિતને હોમિયોપેથીક દવા ARSENIC ALB.30 ના ડોઝ કોરોના સામે રોગ પ્રતિકારક શકિતને વધારવા માટે વિના મૂલ્યે મહુવા તાલુકાના પ્રમુખશ્રીના પરીવાર તરફથી ૧૭૦-મહુવા વિધાનસભાના ધારાસભ્યશ્રી મોહનભાઇ ઢોડિયાના હસ્તે વિતરણ કરવામાં આવ્યું અને તાલુકામાં રાશનકીટ, ફુડ પેકેટ, માસ્ક, સેનેટાઇઝર, આર્યુવૈદિક ઉકાળા વગેરેની જરૂરીયાત ચીજોનું વિતરણ કરવામાં આવ્યું. આમા સૌ કાર્યકર્તાઓએ સાથ અને સહકાર આપ્યો.

આ ઇ-બુક પ્રગટ થાય એ સમયે જગત નિયાંતને પ્રાર્થના કે કોવિડ-૧૯ આ દુનિયામાંથી ખતમ થાય.

**" જય હિંદ"**

# #Feed The Needy અભિયાન





૧૭૦-વિધાનસભા મહુવાના ધારાસભ્યશ્રી દ્વારા રાશનકીટનું વિતરણ







તરસાડી અને વલવાડા ગામે રાશનકીત તથા ઔષધી ઉકાળો વિતરણ કરતા કાર્યકર્તાઓ





પ્રવાસીઓને ફુડ પેકેટ વિતરણ કરતા કાર્યકર્તાઓ

## ભોજન તથા રાશન કીટ





કાર્યકર્તા દ્વારા ભોજન અને નાસ્તાની વ્યવસ્થા





રાશનકીટનું વિતરણ કરતા પ્રમુખશ્રી અને કાર્યકર્તાઓ





# માસ્કનું ઉત્પાદન અને વિતરણ

મહુવા તાલુકા ભાજપ સંગઠન દ્વારા ૧૧૫૦૦ થી વધારે ફેસ માસ્કનું વિતરણ કરવામાં આવ્યા જેમા ૬૭૮ કાર્યકર્તાઓએ યોગદાન આપ્યું.








| કામગીરીની માહિતી | સંખ્યા |
|---|---|
| વિરતણ કરવામાં આવેલ ફેસ માસ્કની સંખ્યા | ૧૧૫૦૦ |
| સહભાગી થયેલા કાર્યકર્તાઓ | ૬૭૮ |

# PM CARES FUND માં કાર્યકર્તાઓનું યોગદાન

**મહુવા તાલુકા ભાજપ સંગઠન દ્વારા PM CARES FUND માં કાર્યકર્તાઓનું યોગદાન.**








| કામગીરીની માહિતી | સંખ્યા |
|---|---|
| PM CARES FUND માં અનુંદાન આપનાર લોકોની સંખ્યા | ૧૪૭૮ |
| પ્રદેશસ્તર પરઅનુંદાન કરવામાં આવેલી કુલ રકમ (રૂપીયામાં) | ૨,૫૮,૩૬૩/- |

# સેવાકીય કાર્યોમાં કાર્યકર્તાનું યોગદાન









લોકડાઉન દરમિયાન મહુવાના ધારાસભ્યશ્રી તેમજ મહુવા તાલુકા સંગઠનના હોદેદારશ્રીઓ, ચુટાયેલા સભ્યશ્રીઓ અને મહુવા તાલુકાના કર્મચારીઓ તથા કાર્યકર્તાઓ સતત સક્રિય રહી સેવાકીય કાર્યો કરેલ છે.

# કોરોના વોરિયર્સનું સન્માન



મહુવા તાલુકા ભાજપ સંગઠન દ્વારા ૨૯/૦૪/૨૦૨૦ના રોજ કોરોનાની સામે લડત અપાનાર શ્રી પોલીસકર્મીઓ તથા આરોગ્ય કેન્દ્રના ડૉકટરર્સ માટે એમનું શાબ્દિક સન્માન અને કીટોનું વિતરણ કરવામાં આવ્યું







# ભાજપાના ૪૦માં સ્થાપના દિવસ નિમિત્તે કાર્યક્રમ







મહુવા તાલુકામાં ભારતીય જનતા પાર્ટીના ૪૦માં સ્થાપના દિવસે ભાજપના ધ્વજ ફરકાવી દરેક ગામોમાં વૃક્ષારોપણ તથા રકતદાન કરવામાં આવ્યું.

## ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમ



મહુવા તાલુકામાં બાબા સાહેબ ભીમરાવ આંબેડકરજી ના જન્મ દિવસ નિમિત્તે એમના ફોટાને પુષ્પ અર્પણ કરી ગરીબોની સેવા કરવાની ટેક સાથે રાશનકીટનું વિતરણ અને વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો કર્યા.







# પ્રવાસી શ્રમિકોની મદદ



મહુવા તાલુકા ભાજપ સંગઠન દ્વારા પરપ્રાંતીય શ્રમિકો માટે પોતાના વતન જવા માટે સરકારી વહીવટ તંત્ર પોલીસ ભાઈઓ તથા પ્રશાસનની મદદથી વ્યયસ્થા કરવામાં આવી.






| કામગીરી ની માહિતી | સંખ્યા |
|---|---|
| સડક માર્ગ દ્વારા યાત્રા કરી રહેલા લોકોની સંખ્યા તેમના સુધી આવશ્યક વસ્તુઓ પહોચાડવામાં આવી. | ૮૭૦૦ |
| શ્રમિકો ટ્રેનો અને બસોમાં યાત્રા કરી રહેલા પ્રવાસીઓને ફૂડ પેકેટ અને પાણીની બોટલ વિતરણ કરવામાં આવી. | ૨૨૧૮૦ |
| ચાલતા જઇ રહેલા મુસાફરો જેમના માટે પરિવહન સુવિધા ઊપલબ્ધ કરવા માં આવી | ૬૪૦ ટ્રક |
| શ્રમિક ટ્રેનો અને બસોમાં યાત્રા કરી રહેલાપ્રવાસીઓને માશક વિતરણ કરવામાં આવી. | ૨૨૫૦૦ |

# વર્ચ્યુલ બન્યું ભાજપા




મહુવા તાલુકા ભાજપ સંગઠન દ્વારા વર્ચ્યુલ રેલીના માધ્યમથી ઓડિયા અને વિડિયો કોન્ફરસ દ્વારા ગુજરાત પ્રદેશ ભાજપના અને સુરત જીલ્લા ભાજપના આગેવાનો માધ્યમથી વિસ્તૃત માર્ગદશંન આપવામાં આવ્યું.









# ભાજપા દ્વારા કરવામાં આવેલ રાહત કાર્યોનું મીડિયા કવરેજ

## મધર્સ ડેએ લાખો લોકોના આરોગ્યની દરકાર



મહુવા | મધર્સ ડે નિમિત્તે પોતાની માતાની યાદમા મહુવા તાલુકાના
ફાની ગામે રહેતા જીગરભાઈ નાયક અને તેમના પરિવાર દ્વારા મહુવા

દિવ્ય ભાસ્કર બારડોલી-વ્યારા ભાસ્કર 16-07-2020

બારડોલી-વ્યારા ભાસ્કર

## મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ વિધાનસભા વિસ્તારમાં વિકાસનો મંત્ર સાર્થક કર્યો

મહુવા ના શેર તરીકે જેમનુ સંબોધન નરેન્દ્રભાઈ મોદી કરી ચૂકયા છે. એવા મહુવા ૧૭૦ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાની લોકચાહ અકબંધ રહી છે જેની પ્રતીતિ તેમણે ત્રીજી ટર્મ તરીકે કોંગ્રેસના દિગ્ગજ નેતા ને પરાસ્ત કરીયા છે.



ધારાસભ્ય-મોહનભાઈ ઢોડિયા
૧૭૦ મહુવા વિધાનસભા મતવિસ્તાર

## પોલીસ જવાનોને હેન્ડગ્લોઝ વિતરણ



દિવ્ય ભાસ્કર 13-Apr-2020 બારડોલી-વ્યારા ભાસ્કર Page 1

સરાહના | ભારત સરકારના 4.55 મિનિટના ઈમોશનલ વીડિયો સોંગમાં પોલીસ, ડોક્ટર, નર્સની કામગીરી દર્શાવાઇ છે

## સરકારના ઈ-સોંગમા મહુવા પોલીસનો જનજાગૃતિ પ્રયોગ સમાવાયો

જયદીપસિંહ પરમાર | મહુવા

કોરોના વાયરસ અંગે જાગૃતિ માટે કરવામાં આવેલ નવતર પ્રયોગના વિઝ્યો ભારત સરકારના ગીતમા સમાવિષ્ટ કરતા મહુવા પોલીસ સહિત સુરત ગ્રામ્ય પોલીસમા ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. મહુવા તાલુકાની જનતાએ પણ મહુવા પોલીસની કામગીરી બીરદાવી હતી.

કોરોના વાયરસ વચ્ચે કામ કરી રહેલ ડોક્ટર, નર્સ ,પોલીસ સહિતના કર્મચારીઓની કામગીરી બિરદાવવા માટે તેમજ તેમને હિંમત આપતો હારેગા કોરોના જીતેગા ભારત અંતર્ગત 4.55 મિનિટનો એક તુહી ભરોસા, એક તુહી સહારા ઈમોશનલ ગીતનો વિઝ્યો રવિવારના રોજ ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.આ વિઝ્યોમા દેશમાં આ કોરોના વાયરસ સામે હિંમત પૂર્વક કામગીરી કરનાર પોલીસ, ડોકટર્સ,સમાજ સેવકો,સફાઈ કર્મચારીઓ તેમજ પ્રધાનમંત્રીની કામગીરી દર્શાવવામાં આવી છે.આ વિઝ્યો ગીતમા સુરત ગ્રામ્ય જિલ્લાના બારડોલી ડિવિઝનમા આવતા મહુવા પોલીસ મથકે ફરજ બજાવતા પ્રો. ડીવાયએસપી યુવરાજસિંહ ગોહિલ અને મહુવા પોલીસની કોરોના વાયરસ અંગે જાગૃતિ માટે કરવામાં આવેલ નવતર પ્રયોગ પણ દર્શાવવામાં આવ્યો છે.બારડોલી ડિવિઝનની મહુવા પોલીસ દ્વારા કોરોના વાયરસની ગંભીરતા દર્શાવતા પોસ્ટર લઈ રસ્તા પર આવ્યા હતા અને લોકોને ઘરે ઘરે જઈ તેમજ રસ્તા પરથી પસાર થતા વાહન ચાલકોને ઘરે રહેવા માટે સમજાવ્યા હતા જે આ વિઝ્યોમા દર્શાવવામાં આવ્યું છે.પાંચ સેકન્ડ સુધી મહુવા પોલીસની કામગીરી ભારત સરકારના ઈ સોંગમા દર્શાવવામાં આવતા મહુવા પોલીસ સહિત સુરત ગ્રામ્ય પોલીસમા ખુશીની લહેર ફેલાઈ ગય છે.અને સુરત ગ્રામ્ય પોલીસના અધિકારીઓ તેમજ તાલુકાની જનતાએ મહુવ પોલીસની કામગીરી બિરદાવી હતી અને તેમને અભિનંદન પાઠવ્યા હતા.



ભારત સરકારના ગીતમાં સમાવિષ્ટ કરવામા આવેલ મહુવા પોલીસની કામગીરી.

### ભવિષ્યમાં પણ આ રીતે કામ કરતા રહીશું

બારડોલી ડિવિઝન પોલીસની કામગીરી ભારત સરકારના ઈ સોંગમા દર્શાવવામાં આવી જે અમારા માટે આનંદની બાબત છે.લોકડાઉન દરમિયાન જાગૃતિ માટે મહુવા પોલીસ દ્વારા હાથ ધરેલ નવતર પ્રયોગ પ્રશંસનીય છે.અને આવનાર દિવસોમા પણ સંપૂર્ણ લોકડાઉનનુ પાલન કરી લોકો ઘરમાં રહી સુરક્ષિત રહે એવી કામગીરી પોલીસ દ્વારા હાથ ધરાશે. » રૂપલબેન સોલંકી, ડીવાયએસપી, બારડોલી ડિવિઝન

### કોરોના સામે લડવા અમે પ્રતિબદ્ધ છીએ

ભારત સરકારના ઈ સોંગમાં અમારી મહુવા પોલીસની કામગીરી દર્શાવવામા આવી છે જે અમારા માટે ખૂબ જ આનંદની બાબત છે.તાલુકાની જનતાની સલામતી અમારી પહેલી ફરજ છે જેથી તેમની જાગૃતિ માટે આવનાર દિવસોમા નવતર પ્રયોગ હાથ ધરી તેમને જાગૃત કરવામાં આવશે. » યુવરાજસિંહ ગોહિલ, પ્રો. ડીવાયએસપી, મહુવા

विधायक व गुजरात के पूर्व मंत्री स्व. बरजुलभाई पटेल के पुत्र वसंत पटेल ने पिता के नाम से समिति बनाकर अपने युवा क्रांति मिशन के तहत कपराडा तालुका के 130 गांवों में एवं वलसाड, पारडी तालुका में जीवन जरूरत के करीब 3 हजार किट वितरण करने का भगीरथ कार्य किया है, जो हाल में भी चल रहा है.

निकलता है. ऐसे में अगर उनका सही में रिसाइक्लिंग नहीं होगा तो यह वेस्ट प्रदूषण और जल को गंभीर रूप से नुक पहुंचायेगा. रिनेबल एनर्जी का बड़ा प्रो है ओएनएस इन्वॉयरो प्रोजेक्ट.

हम आपकों बता दें कि ओए इन्वॉयरो प्रोजेक्ट की स्थापना एक वर्ष जब की गयी थी कोई यह नहीं जान स था कि यह कंपनी आने वाले दिनों में देश उपयोगीता दर्शाती नजर आएगी.

का पालन करें.

## विधायक मोहन धोडिया और भाजपा टीम ने गरीबों को बांटे राशन किट



**सूरत, सं.** शनिवार को सूरत जिले में महुआ तालुका के विधायक मोहनभाई धनजीभाई धोडिया ने भारतीय जनता पार्टी-महुआ तालुका की टीम के साथ अनावल में विधवा बहनों एवं वयोवृद्ध गरीब लोगों को राशन किट का वितरण किया. इस मौके पर भारतीय जनता पार्टी के प्रमुख जिगरभाई नायक के अलावा हितेशभाई नायक, जिला पंचायत प्रभारी जीतूभाई के साथ विधायक मोहनभाई धोडिया ने उपस्थित सभी लोगों को वृद्धा पेंशन एवं विधवा पेंशन योजना सहित विविध योजनाओं का लाभ लेने के लिए जानकारी दी. इस बारे में स्थानीय संवाददाता हितेश परमार ने बताया कि अनावल में इस लॉकडाउन के चलते जो विधवा महिलायें एवं गरीब लोग है उनको किसी चीज की कोई समस्या न हो इसके लिए विधायक एवं भाजपा टीम द्वारा यह सेवा कार्य किया जा रहा है.

CMYK

CMYK

## ભાજપા દ્વારા કરવામાં આવેલા રાહત કાર્યો પ્રત્યે નાગરિકોની પ્રતિક્રિયા

મહુવા તાલુકા ભાજપ સંગઠન દ્વારા લાભાર્થીઓને ભાજપ પક્ષ દ્વારા સંકટ સમયેમળેલ અનાજની કીટ તથા ફુડ પેકેટ્સ મળેલ છે જેનાથી અમોને ઘણી જ રાહત થઇ છે.

મહુવા તાલુકાના વિધવા, વિદુરો અને અપંગોને જરૂરીયાતમંદ ઘર ઉપયોગી તેલ - મસાલા અને અનાજની કીટો જયારે એમને આપવામાં આવી ત્યારે આ સૌવ લાભાર્થીઓએ અંતરના આર્શીવાદ આપતા કહ્યુ કે આવી કપરી કોરોના વાઇરસની મહામારી સામે તમે ભાજપના કાર્યકર્તાઓ અમારી પડખે આવીને જે તમોએ અમને મદદ કરી છે તો ભગવાન આપેના અને આપના પરીવારને સુખી અને નિરોગી આપે એવા આર્શીવાદો આપ્યા.

"સેવા હી સંગઠન"

## કાર્યકર્તાઓના અનુભવ

મહુવા તાલુકાના ભાજપના કાર્યકર્તાઓ દ્વારા શ્રમિકોને એમના માદરે વતને પહોંચાડવા માટે ફુડ પેકેટ, ભોજન અને માસ્ક તથા ગાડી ભાડું અને વાહનની વ્યવસ્થા કરી આપી અને એલાકો પગ દંડી જતા અટકાવ્યા ત્યારે તેઓએ મહુવા તાલુકાના ભાજપના કાર્યકર્તાઓનો ખુબ ખુબ આભાર માન્યો અને આશીર્વાદો આપ્યા.

મહુવા તાલુકામાં ગરીબ અને નિરાધાર લોકોને ભાજપસંગઠન દ્વારાભુખ્યાને ભોજન આપ્યુ જીવન જરૂરિયાતવસ્તુઆપી જેનાથી ગરીબ લોકોના મુખપર આનંદનો અનુભવ યયો તથા ભાજપના કાર્યકર્તા તરીકે જીવનમાં કંઇક કર્યાનો અહેસાસ થયો

" સેવા હી પરમધર્મ "

# સેવા એજ સંગઠન




મહુવા તાલુકાના ભાજપ પ્રમુખશ્રી દ્વારા મધરડે ના દિવસે એમના માતૃશ્રીના યાદમાં એમના પરીવાર તરફથી હામોયોપેથીક દવા **ARSENIC ALB.30** ના ડોઝનું મહુવા તાલુકાના તમામ ઘરોમાં ૧,૪૦,૦૦૦ વ્યકિતઓને વિના મુલ્યે વિતરણ કરવામાં આવ્યું.









મહુવા તાલુકાના ભાજપના કર્યકર્તા દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવી.

# સારાંશ

કોરોના મહામારીના સમયમાં સમગ્ર દેશ મુશ્કેલીમાંથી પસાર થર રહ્યો છે. ત્યારે સેવા હી સંગઠન ના અભિયાન દ્વારા મહુવા તાલુકા ભારતીય જનતા પાર્ટીના બુથ સુધીના કાર્યકરો તથા આગેવાનો આ ભગીરથ કાર્યમાં જોડાયા અને એક પોતાનું કર્તવ્ય સમજીને આગળ આવી સેવાકીય પ્રવૃત્તિઓ કરી તે હેતુથી આ ઇ-બુક પ્રકાશિત કરવામાં આવી છે.

આ ઇ-બુકના માધ્યમથી મહુવા તાલુકા ભારતીય જનતા પાર્ટીના કાયકર્તાઓ દ્વારા થયેલી સમગ્ર કામગીરી રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે. બધા કામના કાર્યને આ ઇ-બુકમાં ફોટોગ્રાફ કે લખાણના માધ્યમથી સમાવિ શકવું એ શકય ન હતું પરતું તેમના કામના કાર્યની ઝલક થકી સમગ્ર તાલુકામાં પાર્ટી દ્વારા થયેલા ભગીરથ કાર્યની જાણકારી મળે તેવા અમારા પ્રયત્નો છે.

| કામગીરીની માહિતી | સંખ્યા |
|---|---|
| કુલ ફ્રુડ પેકેટ અને રાશન કીટોનું વિતરણ | ૩૭૦૦ / ૪૦, ૦૦૦ |
| કુલ જરૂરિયાતમંદ લોકોની સહાય | ૫૬૭૦૦ |
| કુલ ફેસ માસ્કનું વિતરણ | ૨૪૫૦૦+ |
| કુલ સહભાગી થયેલા કાર્યકર્તાઓ | ૮૪૦+ |

mahuvabjpsurat@gmail.com

mahuva BJP surat

# ધન્યવાદ

## ભારતીય જનતા પાર્ટી

### મહુવા તાલુકો

| મહામંત્રી | પ્રમુખશ્રી | મહામંત્રી |
|---|---|---|
| શ્રી હેમંતભાઈ એન.ચૌધરી | શ્રી જીગરકુમાર ડી.નાયક | શ્રી શૈલેષભાઈ કે.પટેલ |
| ૯૮૭૯૯ ૦૫૫૯૪ | ૯૯૭૯૧ ૩૦૬૫૫ | ૯૪૨૭૧ ૭૦૦૦૬ |